# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

રેફ નં. તા: ૦૮/૦૨/૨૦૨૩

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના ડેલીગેશને અમદાવાદ ખાતે ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશનરો સાથે મુલાકાત કરી

## ચેમ્બરના સભ્યોને તથા દક્ષિણ ગુજરાતની કંપનીઓને અમેરિકામાં પોતાનો વ્યવસાય પ્રસ્થાપિત કરવા માટે ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસમાંથી તમામ પ્રકારની માહિતી અને સહકાર આપવામાં આવશે : ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ બોડાવાલાના નેજા હેઠળ ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન / ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન કમિટીના ગૃપ ચેરમેન અમિષ શાહ અને ચેરમેન હર્ષલ ભગત સહિતના ડેલીગેશને બુધવાર, તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશનર એન્ડ ચીફ ઓફ સ્ટાફ અઇસતા એમ.બી. કેમરા અને ડેપ્યુટી કમિશનર દિલીપ ચૌહાણ સાથે મિટીંગ કરી હતી. જેમાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત તથા ન્યુ યોર્ક સિટી વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવા માટે એકબીજાને કેવી રીતે મદદરૂપ થઇ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, અમેરિકા ખાતે ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગો માટે ઘણી તકો હોવાથી ઉદ્યોગકારોને અમેરિકામાં નવી ઓફિસ શરૂ કરવા તેમજ પોતાના વ્યવસાયને

પ્રસ્થાપિત થવા માટે મદદરૂપ થવા જણાવ્યું હતું. સુરતથી ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગકારો અમેરિકામાં વેર હાઉસ બનાવવા માગે છે તેમ જણાવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના સભ્યોને તથા દક્ષિણ ગુજરાતની કંપનીઓને અમેરિકામાં પોતાનો વ્યવસાય પ્રસ્થાપિત કરવા માટે ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસમાંથી તમામ પ્રકારની માહિતી અને સહકાર આપવામાં આવશે તેમ ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશનર અઇસતા એમ.બી. કેમરાએ બાંયધરી આપી હતી.

વધુમાં તેમણે દક્ષિણ ગુજરાતના વ્યવસાયિકોને ન્યુ યોર્ક સિટીના તમામ પ્રકારના ઇન્સેન્ટીવ, સરકારી લોન મેળવવામાં તેમજ માર્કેટ સર્વે કરવા માટે પણ તમામ પ્રકારનો સહયોગ આપશે તેમ જણાવ્યું હતું. તેમણે ખાસ જણાવ્યું હતું કે સુરતના વ્યવસાયિકોને અમેરિકામાં પડતી સમસ્યાઓનું પણ ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસમાંથી નિરાકરણ લાવવામાં આવશે. આ ઉપરાંત વ્યવસાયિકોને ઓફિસ રેન્ટનું ઇન્સેન્ટીવ અને કર્મચારીઓને નોકરી પર રાખવા માટેના ઇન્સેન્ટીવ આપશે. ઓફિસ શરૂ કરનારા વ્યવસાયિકોને અમુક પ્રકારના બ્લોકમાં સબસિડીનો લાભ અપાવવા માટે પણ મદદ કરશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી એપ્રિલ–મે ૨૦૨૩ દરમ્યાન અમેરિકા ખાતે ‘ઇન્ડિયા ફર્નિચર એન્ડ ડેકોર એક્ષ્પો’ યોજાશે. અટલાન્ટા ખાતે યોજાનારા એક્ષ્પોમાં ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસના ડેપ્યુટી કમિશનરો તેઓના પ્રતિનિધિ મંડળ સાથે ખાસ ઉપસ્થિત રહેશે અને ન્યુ યોર્ક સિટી માટેની તમામ પ્રકારની માહિતી ચેમ્બરના એક્ઝીબીટર્સને આપશે. આ ઉપરાંત ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસ સિલેકટ યુએસએની સમિટમાં ભાગીદાર છે, આથી તેઓ સિલેકટ યુએસએની સમિટમાં પણ ચેમ્બરના સભ્યોને તેઓ આવકારશે.

ફર્નીચર એક્ષ્પોમાં એક્ઝીબીટર્સને સારો બિઝનેસ મળી રહે તે માટે પણ ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસ તમામ પ્રકારની મદદ કરશે અને દરેક એક્ઝીબીટર્સને મેયર ઓફિસમાં આવવા માટે આમંત્રણ આપશે. ન્યુ યોર્ક સિટી મેયર ઓફિસથી બિઝનેસ ડેલીગેશન આગામી જૂન ૨૦૨૩ માં સુરત આવશે અને સુરતના ઉદ્યોગકારો સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવશે.